**ફોજદારી કેસ નં.1158/2021 ના કામે આંક-૧ના ચાર્જશીટ લગત હુકમ**

કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપી સામેના આક્ષેપો જોતા આ કેમ સમન્સ ટ્રાયબલ પ્રકારનો  કેસ છે. પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઇ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચીત કરી શકાતી નથી. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીના પત્ર જાવક નં. એફ. નંબર એલ/૨૩/૨૦૧૪/નાલસા, તારીખ-૨૦/૦૮/૨૦૧૪માં આપેલ ગાઇડલાઇન ધ્યાનમાં લેતા તેમાં અદાલતમાં પડી રહેલ ડેડવુડ જેવા કેસોનો ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૨૫૮ અન્વયે નિકાલ કરવા સુચના અપાયેલ છે તેને ધ્યાનમાં લેતા અત્રેની કોર્ટે તેવા ડેડવુડ કેસોને આઇડેન્ટીફાય કરી તે અંગે પ્બલીક પ્રોસીકયુટરનો અભિપ્રાય મેળવેલ છે. પ્રસ્તુત કેસ ઘણો જુનો છે જેથી હવે ઇન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઇફિકટીવ ફોજદારી કેસની ઇન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ધ્યાન આપી શકાતુ ન હોય આવા કેસોના ભરાવાનું ભારણ ઓછુ થાય અને ઈફિકટીવ કેસ તરફ પુરતુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઇન્સાફી કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઇન્સાફી કાર્યવાહી પુરાવો નોંધ્યા વિના જ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

જો રોકડ રકમ હોય તો તે શ્રી સરકાર જમા કરવો.

કેસ રજીસ્ટરે હુકમની નોંધ કરવી.

**-:: હુકમ ::–**

સદર કેસની કાર્યવાહી ક્રી.પો. કોડની કલમ–૨૫૮ની જોગવાઇ મુજબ સ્ટોપ કરી આરોપીને છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

સ્થળ:– રાજકોટ.
તારીખ:–09/09/2023

(આઇ.એમ.શેખ)
ચૌદમાં એડી.સિની.સિવીલ જજ અને
ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ કોર્ટ, રાજકોટ.
જી.જે.૦૧૪૮૫